# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ઉત્સાહ તો છે અનહદ, ચડું ચડું થાય છે,
સ્પર્ધકો તો છે, અનેક સૌ નડું નડું થાય છે,
લડું લડું થાય છે આપસ સંઘ-સંગઠ્ઠન
સલામત નથી પાઘડી, પડું પડું થાય છે..
(નીતિશ - પાવંદવિધિ - અપશકન)

## હાઇકુ

જેલ ભરો તો -
તપાસપંચો દ્વારા,
ચાલુ જ છે ને?!
(ભાજપનું આંદોલન)

કૌભાંડી આગે
સળગે મંત્રાલયો -
ન્યાય કાબૂમાં..
(નિર્દોષ - માર્ગ)

## ચિંતન

**યત્રાસ્તિ લક્ષ્મીર્વિનયો ન તત્ર, અભ્યાગતો યત્ર ન તત્ર લક્ષ્મીઃ ।**
**ઉભૌ ચ તૌ યત્ર ન તત્ર વિદ્યા, નૈકત્ર સર્વો ગુણ સંનિપાતઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ' નો આ શ્લોક છે :-

જયાં લક્ષ્મી-પૈસો ધન-સમૃધ્ધિ હોય ત્યાં વિનય-વિવેક-નમ્રતા લગભગ હોતાં નથી, જયાં મહેમાનો માટે પ્રેમ આદર-સત્કાર હોય એ ઘરમાં લક્ષ્મીનો અભાવ હોય છે અર્થાત મહેમાનો પ્રત્યે પ્રેમ-લાગણી આદર હોવા છતાં ગરીબીને કારણે આગત્તા-સ્વાગતા કરી શકતા નથી, એટલે કે જયાં આદર-પ્રેમ હોય ત્યાં પૈસાનો અભાવ હોય છે વળી જયાં લક્ષ્મી અને વિનય બંને હોય ત્યાં વિદ્યા-નથી હોતી. જ્ઞાન-સમજનો અભાવ હોય છે. આમ એક જ જગ્યાએ આ બધા પૈસો-વિનય, નમ્રતા અને વિદ્યા સંસ્કાર જેવા બધા ગુણોનો સુમેળ ભાગ્યે જ જોવા મળે છે.

જયાં અલક્ષ્મીનો, બેનંબરી પૈસો હોય ત્યાં ભૌતિક સુવિધાઓ હોય પણ વિનય-વિવેક-નમ્રતા-પ્રેમ નથી હોતા. માન-સન્માન ન સચવાય.

પરંતુ વિનય-વિવક સાથે જયાં અતિથિ-સત્કાર થતો હોય, મહેમાનો પ્રત્યે આદર હોય ત્યાં કર્મ-સંજોગો પૈસાની તંગી હોય છે.

પરંતુ ધન-સમૃધ્ધિ અને વિનય પણ હોય ત્યાં 'જ્ઞાન' સમજ નથી હોતી. કોણ પાત્ર-અપાત્ર છે, એની 'સમજ' ન હોવાને કારણે લોકો તેમને છેતરી જાય છે.

## સુવિચાર

- પોતાના પર કશી જ દયા રાખ્યા વિના, પોતાની જાતનું અવલોકન કરો તો તમને જોવા મળશે કે એ બધી બાબતો તમારી અંતર છે જે તમને અન્ય લોકોમાં જોતાં હાસ્યાસ્પદ લાગે છે. **- માતાજી**
- સાધકની દૃષ્ટિએ સંન્યાસ કરતાં કર્મયોગ ચઢિયાતો છે એ જ રીતે નિર્ગુણ કરતાં સગુણ ભક્તિ ઉત્તમ છે. **- વિનોબા ભાવે**
- જે અભણ હોય છે તે અજ્ઞાની નથી, પણ જે પોતાની જાતને જ નથી જાણતો તે અજ્ઞાની છે- **જે.કૃષ્ણમૂર્તિ**
- જયાં સુધી આપણે ભૌતિક જગત અને સંસાર-વ્યવહારમાં છીએ ત્યાં સુધી, પ્રકૃતિના બધા જ નિયમોનું ચુસ્ત પાલન કરીએ. **- શ્રીલ પ્રભુપાદ**
- સ્વમાન એ માણસની સૌથી મહામૂલી મૂડી છે, ભયની સામે એ હિંમત અને બળ આપે છે- **મોરારજી દેસાઇ**
- મનના મિત્ર અને દુશ્મન તમે પોતે જ છો. **- મા આનંદમયી**
- માનવ સંબંધો હંમેશા સંઘર્ષમય હોય છે. **- સાત્ર**

## બોધકથા

પ્રધાનમંડળની મીટીંગમાં, કોઇ પ્રધાને નિવેદનમાં બાફ્યું હોય કે હદ-મર્યાદાની બહાર જતા હોય કે ધાકની અસર ઓછી દેખાય એવા પ્રધાનશ્રીના ખાતાંનો ગમે તેવો નાના પ્રશ્ન હાથમાં લઇ નેતાશ્રી તતડાવી નાખે અને આડકતરી રીતે પોતાનો અણગમો જણાવી દે!

બીરબલે એના ઘરમાં 'ચોરી થઇ' એનો ધજાગરો કર્યો એટલે બાદશાહને ગમ્યું નહીં એટલે એને હડફેટમાં લેવા બાદશાહ પ્રયત્નમાં હતો, એટલે પૂછ્યું બીરબલ તારા હાથની હથેળીમાં વાળ કેમ નથી?

બાદશાહને એમ કે બીરબલ હમણાં જ ગેંગેં-ફેંફેં થઇ જશે. પણ બીરબલ કહે, નામવર, આપનું દાન લઇ લઇને હથેળી ઘસાઇ ગઇ છે!


બધા પ્રધાનોએ જવાબની પ્રશંસા કરી.

પણ, બાદશાહે તો તેને ધમકાવવાનું બહાનું જ શોધવા નક્કી કર્યું હતું, તેથી પૂછ્યું તો પછી આ બીજા પ્રધાનોની હથેળીમાં વાળ કેમ નથી?

બીરબલ કહે, બાદશાહ આપ, વિદ્વાનો અને પંડિતો અને બુધ્ધિવાનોનું સન્માન કરી તેમને દાન આપો છો તે એ લોકોને ગમતું નથી, અને ઇર્ષામાં 'હાથ ઘસતાં' રહે છે તેથી એમની હથેળીમાં વાળ ઉગતા નથી!

બાદશાહ મૌન થઇ ગયો.

# અમેરિકાની જેમ રાષ્ટ્ર પ્રમુખના ઉમેદવારોની જાહેર ચર્ચા કેમ નહીં? 'કોંગ્રેસને નહીં, પ્રણવ મુખરજીને ટેકો' આ કેવો હાસ્યાસ્પદ તર્ક ગણાય?



## મારી નજરે

- વિષ્ણુ પંડ્યા

**● હિન્દુસ્તાની રાષ્ટ્રપ્રમુખ : ઇ. સ. ૨૦૧૨**

પ્રણવ મુખરજીને માટે રાષ્ટ્ર પ્રમુખનું સિંહાસન એકદમ પાક્કું થઇ ગયું! આને માટે પ્રણવે આભાર માનવો હોય તો બિન-કોંગ્રેસી પક્ષોનો માનવો રહ્યો, અને જેડીયુનો પણ! સહુથી વધુ મુલાયમસિંહનો, જેણે આઠ જ કલાકમાં (અ-ગમ્ય કારણોસર) ફેરવી તોડ્યું અને મમતા બેનરજીનો વિશ્વાસઘાત કરીને કોંગ્રેસના પ્રણવદાને સમર્થન આપી દીધું. બીજો આભાર એનડીએ અને માયાવતીનો માનવો પડે કેમ કે, તેઓ વિરોધ પક્ષની નક્કર ભૂમિકા ભજવવામાં ગોથાં ખાઇ રહ્યા છે. હજુ સુધી અભિનંદનને પાત્ર જયલલિતા, મમતા અને પટનાયક છે. જેમણએ પોતાનો ઇરાદો બદલ્યો નથી. આવતીકાલે તેમાનાયે કેટલાક બદલાઇ જઇ શકે! હિન્દુસ્તાનની આર્થિક દશાને 'રેટ' તદ્દન નીચો અને નેગેટિવ હોવાનું એક માન્ય નિષ્ણાત આંતરરાષ્ટ્રીય સંગઠને જાહેર કર્યું છે. હવે, ભારતના રાજકારણીની નૈતિકતા (વાણી - વચનની માટે ય એવો કોઇ અહેવાલ આવે તો નવાઇ નહીં!

જુઓને, ખુદ પ્રણવ મુખરજીની સામે બે મોટા કૌભાંડી આરોપોછે. એક તો ઘાનાની સરકારે પોતાના દેશમાં નિયુક્ત કરેલી સમિતિનો આરોપ છે! પણ "આ બધો બકવાસ છે." "આરોપો ખોટા છે" એમ કહીને પ્રણવ મુખરજી રાષ્ટ્ર પ્રમુખ ભવન તરફ જતા ઘોડા પર ચઢી ચૂક્યા છે. રાજનીતિમાં સૌથી મહત્ત્વની નીતિ એ છે કે, તેમાં આગેવાન થનાર પ્રજાકીય શંકાથી પર હોવો જોઇએ. "સીઝર શંકાથી પર હોવો જોઇએ." તેવું કહેવાય છે; ખુદ શ્રીરામ પણ તેવું માનતા હોવાથી કથા આપણે ત્યાં કયાં નથી? પ્રણવ મુખરજી પરના આરોપોની તપાસ થયા પછી જ તેમણે રાષ્ટ્રપ્રમુખ બનાવી શકાય.

પણ, આ તો ૨૦૧૨ ના હિન્દુસ્તાનનું રાજકારણ!! કૌભાંડો કરો, આંખ-કાન બંધન રાખો, ખાઓ, પીઓ અને બાકીનું ઘરભેગું કરો... મજા કરો! પૂર્વ રાષ્ટ્રપ્રમુક પ્રતિભાદેવી સિંહ પાટિલની સામે અઢળક સરકારી ખર્ચે વિદેશ પ્રવાસો સહિત ઓછા આક્ષેપો હતા?

**● શાબાસ, સંગમા!**

પૂર્ણો સંગમાએ મહત્ત્વનો પડકાર કર્યો છે.પ્રણવ મુખરજીની સામે તે પણ રાષ્ટ્રપ્રમુખ પદના ઉમેદવાર છે. સંગમાએ કહ્યું છે કે, આવો, એક મંચ પરથી જાહેર ચર્ચા કરીએ કે દેશની મોંઘવારી, ઢીલીઢફ વિદેશનીતિ અને ભ્રષ્ટાચારોથી કોણે નબળો પાડ્યો છે?

કોંગ્રેસ જાહેર ચર્ચાથી ડરે છે તેની પાસે આક્ષેપબાજી અને બડબોલા પ્રવક્તાઓ તો છે, પણ કોઇની પાસે તર્કબધ્ધ સાચી રજૂઆત હોતી નથી. જુઓને, તેના એક પ્રવક્તા મનીષ તિવારી અન્ના વિશે કેવું બોલ્યા હતા અને હમણાં અલ્વીએ તો મુલાયમસિંહને ભાજપના એજન્ટ કહી દીધા, જે મુલાયમ મમતા બેનરજીના પક્ષનો સાથ છોડીને કોંગ્રેસના ઉમેદવારને ટેકો કરવા દોડી આવ્યા છે!

આ સંજોગોમાં રાષ્ટ્રપ્રમુખ પદે ઉભેલાં ઉમેદવારોની પાસે લોકશાહી ભારતના વિકાસનો, નીતિનો, કાર્યક્રમનો અને વહીવટનો કેવો નકશો છે, એ તો જાહેર ચર્ચાથી જ ખબર પડે. અમેરિકા અને બીજા કેટલાક દેશોમાં આવો પ્રયોગ થાય છે. દેશ આખો તે દિવસે ટીવી ચેનલ પર આ ઉમેદવારોને ધ્યાનપૂર્વક સાંભળે છે, તેમના મુદ્દાઓને તારવે છે, તેમની સમાજ પ્રત્યેની ઉત્કંઠાનો અંદાજ મેળવે છે, તેમની બુધ્ધિને ચકાસે છે... આખરે તો દેશનો વડો સર્વપ્રભાવી હોવો જોઇએ ને?

સંગમાનો પડકાર કોંગ્રેસે ઝીલ્યો નથી! યુપીએનાં રંગબેરંગી કબાટમાથી ન જાણે, કેવાં - કેટલાં હાડપિંજરો બહાર નીકળે એની જ તેને ફીકર હશે! ખરેખર તો, આવા સંજોગોમાં સત્તા પર બેઠેલાં પક્ષ નિરંકુશ ન બની જાય તે માટે રાષ્ટ્ર પ્રમુખ પદે સંગમા જેવી તેજસ્વી પ્રતિભાની જ જરૂર છે. દરેક, કોંગ્રેસ સહિત - પક્ષના સભ્યોમાંથી ઘણાં જો સંગમાને ટેકો આપે તો તે જીતી શકે.

**● એનડીએનું નેતૃત્વ**

ગુજરાત જનતાદળ (જેડીયુ)ના પ્રમુખ છોટુભાઇ વસાવાએ પક્ષની લાઇન બાજુ પર રાખીને કહી દીધું છે કે, અમારો તો પી.એન.સંગમાને જ ટેકો છે! ભલે વસાવાની પાસે સંગમાના સમર્થન માટે ધારાસભ્યોના મત નથી પણ તેણે આ જે વાત કરી તે મહત્ત્વની છે. આનો અર્થ તો એ થયો કે જેડીયુમાં પણ અંદરખાને કોઇ સર્વસંમતિ નથી.

કયાંથી હોય? પહેલાં જનતા પછી સમતા, પછી જેડીયુ - એમ વારંવાર પક્ષ બનાવવામાં જે પીઢ રાજકીય નેતાઓ સક્રિય હતા તેમાંના તો કોઇ હવે રહ્યા નથી. કર્પુરી ઠાકુર નથી, જયોર્જ ફર્નાન્ડીઝ બિમાર છે. જેડીયુને શરદ પવાર સંભાળે છે, અને નીતિશ કુમાર તેમની એક માત્ર ટેકણ લાકડી છે. બિહારમાં કંઇ જેડીયું જીત્યો નથી. લાલુપ્રસાદના કારનામાં અને નીતિશની વ્યૂહરચનાએ જ જેડીયુને જીત અપાવી હતી.

એનડીએ હવે પાંચ-છ રાજકીય પક્ષોનો ગઢબંધન છે, પણ તેમાં અટલબિહારી વાજપેયી જેવું સર્વસમાવેશક પ્રતિભાવાન નેતૃત્વ નથી. નહીંતર એનડીએના પ્રમુખ શરદ યાદવ જેવા નબળા નેતા હોય ખરા? અને રાષ્ટ્ર પ્રમુખ જેવી મહત્ત્વની સંકેતાત્મક ચૂંટણીમાં એનડીએમાં ફાંટા પડે એળું મને ખરૂં? શું ભાજપની પાસે રાષ્ટ્રીય સ્તરે એટલું સબળ નેતૃત્વ અને શક્તિ નથી રહ્યાં કે તેનાં એનડીએનાં ગઠનનો પ્રમુખ જ પ્રણવ મુખરજીની તરફેણ કરે અને (તેમના માટે ભલે વ્યૂહાત્મક પણ લોકોની નજરે) હાસ્યાસ્પદ દલીલ કરે કે ના રે ના, અમે કોંગ્રેસને ટેકો નથી આપતાં, પ્રણવને આપીએ છીએ!! ભાજપે તેના જુદા જુદા પ્રદેશોમાં પડેલા તેજસ્વી તારકોને રાષ્ટ્રીય સ્તરે સ્થાપિત કરવામાં હિચકિચાટ રાખવો જોઇએ નહીં.

સરવાળે એનડીએ અને ભાજપ બંનએ રાષ્ટ્રના ભલા માટે ય, એકદમ દૃઢ, વૈચારિક, બળવાન વિકલ્પ તરીકે બહાર આવવું જોઇએ તેમાં જ લોકશાહીનું ભલું છે. શકય છે કે, ૨૦૧૪ સુધીમાં એનડીએ નવા સ્વરૂપે મંચ પર આવે.

**● સ્મૃતિ સાવરકરની...**

સાવરકરને આ સમયે અને કાયમ માટે - યાદ કરવા જેવા છે. હમણાં તેમની જન્મતિથિ ગઇ, પણ એ સિવાય નહીં, ભારતીય પ્રજાની સમક્ષ અનેક સમસ્યાઓ આવે, તેનાં યોગ્ય સમાધાન શોધવાની જહેમત ચાલે ત્યારે આપણા યુગપુરૂષો તરફ નજર નાખીએ તો તેમના વિચારો અને કાર્યોમાંથી આપણે તાકાત મેળવી શકીએ.

સાવરકર તેવા જ મહા-નાયક હતા. તેમની સ્વતંત્રતા - પ્રીતિ, તેમનાં સાહસિક, ક્રાંતિકારી, તેમનો દુનિયાભરમાં ભારતની આઝાદીનો વિચાર પ્રસરાવવાનો, બુધ્ધિપૂર્વકનો પ્રયાસ, ભૂલાયેલા ઇતિહાસને ફરી નજર પર લાવીને 'સ્પિરિટ' સજાવવાની પ્રવૃત્તિ, અસંખ્ય ક્રાંતિકારીને પ્રેરણા, ૧૮૫૭ ને સાચી રીતે - દેશ તેને માટે ગૌરવ લઇ શકે તેવું - ઇતિહાસ લેખન, તેની લંડનમાં ઉજવણી, બબ્બે જનમટીપની સજા પછીએ કાળાપાણીની અસહ્ય કેદ ભોગવવાની અડગ ખુમારી, 'હિન્દુસ્તાન' ને જ કેન્દ્રમાં રાખીને સ્વાભિમાની રાષ્ટ્ર સર્જવાનું મનોમંથન અદ્દભૂત કવિતા - લેખન, વિજ્ઞાનનિષ્ઠ રાષ્ટ્રવાદનું ચિંતન, અ-સ્પૃશ્યતા નાબૂદીનું અભિયાન... આ બધું એક સાથે, એક જ વ્યક્તિમાં હોય તે કુદરતી આશ્ચર્ય કહેવાય. સાવરકર આ તમામ ઊંચાઇએ પહોંચ્યા હતા. ગાંધીજીની હત્યામાં તેમની સંડોવણીનો મેલો પ્રયાસ ભારતમાં નેહરૂ - સરકાર, કોંગ્રેસ અને હૈયાફૂટા સેક્યુલરિસ્ટો એ ભેગા થઇને પોલીસ દ્વારા કરાવ્યો તેમ છતાં, સાવરકર એ કસોટીમાંથી પાર થઇને આવ્યા. ગાંધી-વિચારના તેઓ વિરોધી હતા. પણ તેથી એવી વ્યક્તિ (ગાંધી) ને મારી નાખવી જોઇએ... હિંદુ વિચાર તેવી અસહિષ્ણુતાના આધારે શ્રેષ્ઠ દર્શન (ફિલસૂફી) સુફી પહોંચી શકે જ નહીં. હા, ગુલામ ભારતમાં ભારતશત્રુ બ્રિટિશરોની સામે શસ્ત્ર અને શાસ્ત્ર ઉઠાવવામાં તેમને કશું ગલત લાગ્યું નહોતું.

"સાવરકર વડાપ્રધાન હોત તો અમે લાહોર જીત્યા પછી તે છોડીને પાછા ન ફર્યાં હોત" આ વાક્ય તત્કાલિન સેનાપતિ જનરલ કરિયપ્પાનું હતું!

# ઝળકતી કારકિર્દીવાળા તરૂણના શબ્દકોષમાં નિષ્ફળતા જેવો કોઇ શબ્દ હોતો નથી

## વિચારમંચ

- હર્ષદરાય ઉપાધ્યાય

પ્રત્યેક વ્યક્તિ જાણે છે કે પ્રબળ ઇચ્છાથી કાર્ય સિધ્ધિ થતી નથી. સખત મહેનતથી ધારેલું કાર્ય સિધ્ધ થાય જ એવું હંમેશા બનતું નથી. દૃઢ ઇચ્છા ધરાવનારને પણ નિષ્ફળતાનો સામનો કરવો પડયો હોય છે. વ્યક્તિ ધારે તેવો પોતે બની પણ શકતો નથી. માણસમાં કેટલીક મર્યાદાઓ હોય છે. અને આ મર્યાદા જ માણસને ધારેલ સફળતાથી ઘણી વખત દૂર રાખે છે.

પરંતુ પ્રબળ ઇચ્છા શું નથી કરી શકતી? લોખંડ પાણી ઉપર તરી શકે એવું કહેવાયું ત્યારે સૌ હસતા હતા કે લાકડું તરી શકે, લોખંડ તરી ન શકે, પરંતુ આજે લોખંડ કે પોલાદનાં મહાકાય જહાજો, આગબોટો પાણી ઉપર તરે છે. આ છે પ્રબળ ઇચ્છા શક્તિનું સચોટ ઉદાહરણ. હા, બાહ્ય સંજોગો કયારેક વિપરિત જણાઇ આવતા હોય છે. જેમ કે, સાધારણ શક્તિ અને પ્રતિભા ધરાવતા શ્રીમંત ને મોટો મંડળો કે પેઢીઓ પ્રમુખ બનાવી દે છે. જયારે અસાધારણ શક્તિ, ઉચ્ચ શિક્ષણ, અનુભવ બધું હોવા છતાં ગરીબ વ્યક્તિ મોટું લક્ષ્ય પ્રાપ્ત કરી શકતો નથી જો કે આ બધું સંજોગોને આધિન છે. પરંતુ આવા સંજોગો સામે ગોંઠણ ટેકવી મક્કમ પ્રયત્નો પડતા મૂકવા એ બિલકુલ અયોગ્ય છે. મર્યાદાઓની વચ્ચે પણ શ્રેષ્ઠ ઇચ્છાથી જરૂર માર્ગ મળતો જ હોય છે.

પ્રકૃતિનાં કેટલાંક ઉત્તમ ઉદાહરણો છે કે જયાં સંજોગો પ્રમાણે નહીં પરંતુ પ્રકૃતિ પ્રમાણે બને છે જેમ કે, ઘઉંનાં બી વાવવાથી કદી મકાઇનો છોડ ઉગી શકતો નથી. પ્રત્યેક તરૂણે એ જ વિચારવાનું છે કે હું મહાન કેવી રીતે બની શકું? આવી ઇચ્છા કર્યા બાદ પ્રયત્ન કરનારને સંજોગો પણ સાથ આપે છે. માણસ પોતાના ભાગ્યનો સ્વામી છે. નહીં કે ભાગ્ય વ્યક્તિનો સ્વામી છે. તક સામાન્ય રીતે શરમાળ સ્વભાવની હોય છે. તક શરમાતી આવતી હોય છે. ત્યારે આળસુ માણસ તેને જોઇ કે પકડી શકતો નથી અને પછી ભાગ્ય કે નસીબને કોસતો હોય છે. એથી ઊલ્ટું ચપળ માણસ તકને મજબૂતીથી પકડી રાખી પ્રયત્ન કરે છે અને ધાર્યું ફળ પ્રાપ્ત કરી શકે છે. નિષ્ફળ માણસના જીવનમાં ડોકિયું કરશો તો તે વ્યક્તિનાં જ દોષો દેખાશે. તે વ્યક્તિ સ્વભાવે ખરાબ હશે, આળસું હશે કાં ચંચળ સ્વભાવનો અને ખૂબ જ અવિશ્વાસુ સ્વભાવ ધરાવતો હશે.

મનુષ્ય વિજય પ્રાપ્ત કરે ત્યારે પોતાની જાતને ધન્યવાદ આપતો હોય છે. પરંતુ પરાજય વેળા નસીબને દોષ દેતો હોય છે. આજ છે આપણી સૌથી મોટી ભૂલ. ઇચ્છાશક્તિ ઉપર પૂર્ણ ભરોસો રાખો. આપણું હાલનું ભાગ્ય એ માત્ર આપણી આગલી ઇચ્છાઓ તથા કરેલ કાર્યનું જ ફળ છે. અજ્ઞાની અને મૂર્ખ લોકો ભાગ્યને વિશેષ મહત્ત્વ આપે છે. કર્મનો સિધ્ધાંત તેઓ ભૂલી જાય છે.

કોઇકે સાચે જ લખ્યું છે કે,

**કદમ અસ્થિર હો જેમાં**
**એને રસ્તો નથી મળતો,**
**અડગ મનના મુસાફરને**
**હિમાલય પણ નથી નડતો.**

યુવાન મિત્રો, એક વાતનું ધ્યાન રાખવા જેવું છે. સંજોગોવશાત મળેલ સફળતા કે સિધ્ધિ કે સ્થિતિ એ કાયમી નથી રહેતી. જયારે સ્વ બળ અને લાયકાતની જરૂર પડશે ત્યારે આવા લોકો સ્વયં પ્રગતિ કરી શકતા નથી અને ત્યારે પાછળ રહી ગયેલ ખરેખરા હક્કદાર યુવાનો જ સફળતા મેળવી જાય છે. ઉંમરને અને સમયને તથા સફળતાને કાંઇ લાગેવળગતું નથી. ઇચ્છાશક્તિથી માર્ગ કરનારાની ઉંમર કયારેક આપણને વિચારતા કરી મુકે તેવી હોય છે. આર્કરાઇટે અંગ્રેજી શીખવાની શરૂઆત કરી ત્યારે તે ૫૦ વર્ષનો હતો. મિલ્ટને ૫૦ વર્ષ પછી પ્રગતિની શરૂઆત કરી હતી. માઇકલ એન્જેલો ૭૦ વર્ષની ઉંમરે મહાન વિજયો જીતી રહ્યો હતો. દૃઢ નિશ્ચય, ખંત અને કામ કરવાની શક્તિ ધરાવનાર અવશ્ય સફળ થઇ શકે છે.

માત્ર કાર્યની તીવ્ર ઇચ્છા અને આપણું સંપૂર્ણ જોશ ભરેલું હલેસું પત્થરની દિવાલ તોડી શકે છે.

બીજા કરતાં પોતે વધુ અશક્ત છે, એવું ભાન થવાથી અથવા શાળામાં મૂર્ખ ગણાવાથી ઉશ્કેરાટ આવતાં ઉન્નત બનવાના પ્રયત્નોથી તેવા તરૂણો અતિ ઉચ્ચ સ્થાને પહોંચ્યા છે. ન્યૂટન, એડમ, વેલિંગ્ટન, ગાંધીજી, વિવેકાનંદ, દયાનંદ વગેરે આવાં ઉત્તમ ઉદાહરણો છે.

યાદ રાખો વિશ્વમાં ત્રણ પ્રકારના યુવાનો રહે છે, અને આપણએ તેઓને સમજવા રહ્યા.


- જેઓ તક આવે ત્યારે શું કરવું તે વિચારે છે.
- જેઓ તક આવતાં જ તેને ઝડપી લે છે.
- જેઓ તક ન હોય તો પણ તક ઉભી કરે છે અને તરત તેને ઝડપી લે છે.

યુવાન મિત્રો! આપણે કયા જૂથમાં છીએ તે વિચારશો. નક્કી કરો કે "માર્ગને કાં તો હું શોધી કાઢીશ અને કાં તો તેને બનાવી દઇશ."

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૨૪મી જૂન**



- સંગીતના ઉંડા અભ્યાસી - મધુર કંઠ ધરાવતાં પંડિત ઓમકારનાથનો જન્મદિન ૨૪, જૂન, ૧૮૯૭.

રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય પરિષદોમાં ગીત - ભજન ગઝલ ગાઇને લોકોને મંત્રમુગ્ધ કર્યા. અનેકવિધ પુરસ્કારો પ્રાપ્ત કર્યા. મેઘધૂત, શાકુન્તલનું ભાષાંતર સંગીતાંજલિ - સંગીત શાસ્ત્ર પરનું પુસ્તક તેમણે બાધ્યું. નવ-નવ ભાષાના જાણકાર "પગ ઘૂંઘરું બાંધ મીરા નાચી રે..., જોગી જાત જા... મત જા... મે નહિ માખણ ખાયો... જેવા અતિપ્રસિધ્ધ ગીતો ગાયક પદ્મશ્રીની પદ્દવી તેમને મળી હતી."

- ૧૮૫૭ કલકત્તા વિશ્વવિદ્યાલયની સ્થાપના.
- જયપુરના સવાઇ માનસિંહનું પોલોની રમત - રમતાં અવસાન.



- ૧૯૦૦ પેશ્વા બાલાજી રાવનું અવસાન ૧૭૬૧.

# વ્યક્તિને અથવા જંગમ મિલકતને કરેલ અપકૃત્યનું વળતર મેળવવા માટેના દાવાની સમજૂતી

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

જયારે વ્યક્તિને અથવા જંગમ મિલકતને કરવામાં આવેલા અપકૃત્યના વળતર માટે દાવો કર્યો હોય ત્યારે જો તે અપકૃત્ય એક ન્યાયાલયનો હૂકમતની સ્થાનિક હદમાં કર્યું હોય અને પ્રતિવાદી બીજા ન્યાયાલયની હૂકમતની સ્થાનિક હદમાં રહેતો હોય કે ધંધો ચલાવતો હોય કે કમાવવા માટે જાતે કામ કરતો હોય, તો વાદી તે ન્યાયાલયો પૈકી પોતાને ઠીક લાગે તે ન્યાયાલયમાં દાવો માંડી વળતર કે નુકસાન મેળવી શકે છે.

દા. ત. 'ક' દિલ્હીનો રહેનાર તે 'ખ' ને `કલકત્તામાં મારે છે. નુકશાન કરે છે. તો 'ક' ના ઉપર 'ખ' દિલ્હીમાં માર મારવાની ફરિયાદ અથવા કલકત્તામાં નુકશાન અને માનહાનિનો દાવો કરી શકે છે. કોઇ વ્યક્તિ ઉપર તેની માનહાનિ થાય તેવા સમાચાર, પત્રિકા, કાગળ, ફોટા, પ્રસિધ્ધ કરે તો જયાં આવું સાહિત્ય પ્રસિધ્ધ કર્યું હોય વેચ્યું હોય ત્યાં અગરનો જે વ્યક્તિને અસરકર્તા હોય ત્યાં જયાં તે રહેતો હોય ત્યાં માનહાનિ કરનાર સામે ફોજદારી તથા દિવાની રાહે ન્યાય મેળવી શકે છે.


જયાં પ્રતિવાદીઓ રહેતા હોય અથવા જયાં દાવાનું કારણ ઉત્પન્ન થયું હોય ત્યાં જ દાવો કરી શકાય અગરનો વાદવાળી મિલકત જે કોર્ટની હકૂમતમાં આવેલ હોય ત્યાં જ દાવો કરી હાદ માંગી શકાય છે.

કેન્દ્ર સરકારની ઓફિસ દિલ્હી હોવાથી દિલ્હી કોર્ટને દાવો ચલાવવાની હૂકમત છે તેવું કહેવાય નહીં. વ્યક્તિને જયાં અસર થઇ હોય / નુકશાન થયું હોય ત્યાંની હૂકમત ધરાવતી કોર્ટમાં ન્યાય માંગી શકે છે.

જયારે દાવાનું કારણ એકથી વધારે કોર્ટમાં બનેલું હોય અને તમામ પક્ષકારો સંમતિથી એક કોર્ટને હૂકમત રહેશે તેવું નક્કી કરે ત્યારે કોન્ટ્રાક્ટ એક્ટની કલમ-૨૩ અને ૨૮ નો બાધ નડતો નથી. તેવું સુપ્રીમ કોર્ટે ૧૯૯૫ માં ચુકાદાથી જાહેર કરેલ છે.

પેન્શનને લગતાં કેસમાં જયાં સામા પક્ષની ઓફીસ હોય ત્યાં અગર તો જયાંથી પેન્શન મેળવવાનું હોય ત્યાંથી કોર્ટમાં ન્યાય મેળવી શકાય છે.

ફોજદારી કેસની પ્રાદેશિક (સ્થાનિક) હૂકમત તે સીવીલ કેસને લાગુ પડી શકશે નહીં.



નાના છોકરાઓનાં કબજા માટેનો દાવો તે છોકરા જે જગ્યાએ રહેતા હોય ત્યાં થાય.

જયારે કોઇ વિદેશી કંપની / વ્યક્તિ સામે દાવો કરવાનો હોય ત્યારે તે વિદેશી જયારે ટેમ્પરરી રહેતો હોય અને ત્યારે તેના કોઇ કૃત્ય માટે દાવો જયાં તે છેલ્લે રહેતો હોય ત્યાં થઇ શકે.

જે જગ્યાએ કરારનું પાલન થવાનું હોય તે જગ્યાએ દાવાનું કારણ ઊભું થયેલું ગણાય.

બંને પક્ષકારોએ કોઇ કરારથી કોર્ટની સત્તા નક્કી કરી હોય તો તકરાર જે તે કોર્ટમાં જ થાય. કરારમાં 'કાનૂની હક્ક દાવાની સત્તા ગાંધીનગર' લળી હોય તો તકરાર અંગે અમદાવાદની કોર્ટમાં કેસ કરી શકાય નહીં.

એટલે વ્યક્તિએ કોઇ પણ કંપની, અર્ધ સરકારી કચેરી, ટ્રસ્ટ, ભાગીદારી પેઢી કે વ્યક્તિ સાથે કરાર સમયે જે તે વિસ્તારના હૂકમતનો સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરવો જોઇએ. જેથી પાછળથી થતા હૂકમતના પ્રશ્નોનું સરળતાથી નિરાકરણ લાવી શકાય અને વ્યક્તિ સરળતાથી જયાં રહેતો હોય, અગર જયાં ભોગ બનેલ હોય ત્યાં ન્યાય મેળવી શકે.